• હરિ ૐ આશ્રમ પ્રેરિત

# ઉજાગી



ગુજરાતી સાહિત્ય પરિષદ
અમદાવાદ - ૯

હરિ ૐ આશ્રમ-પ્રેરિત

શ્રી નીલકંઠ બાલોપયોગી ગ્રંથમાળા

પુસ્તક સત્તાવીસમું

# ઉજાણી

□

ઝીણાભાઈ દેસાઈ

સ્નેહરશ્મિ

ગુજરાતી સાહિત્ય પરિષદ

અમદાવાદ

પ્રકાશક : રઘુવીર ચૌધરી,
મંત્રી,
ગુજરાતી સાહિત્ય પરિષદ
અમદાવાદ – ૯

© સ્નેહરશ્મિ

પ્રથમ આવૃત્તિ : ૧૯૮૦

પ્રત : ૨૨૦૦

કિંમત રૂા. ૪–૦૦

આવરણ : નટુ પરીખ

મુદ્રક : કાન્તિભાઈ મ. મિસ્ત્રી,
આદિત્ય મુદ્રણાલય,
રાયખડ, અમદાવાદ–૧

# નિવેદન

'તરાપો' અને 'ઉજાણી' કેટલીક અણધારી મુશ્કેલીઓ નડી ન હોત તો ધાર્યું હતું તેમ આન્તરરાષ્ટ્રીય બાળવર્ષમાં જ પ્રસિદ્ધ થાત. નિર્જલીલા, જોડકણાં, ઉખાણાં, હાઈકુ અને મુક્તકોમાંથી કેટલાંકના આસ્વાદ માટે પ્રાથમિક કક્ષાનાં બાળકોને કયાંક કયાંક માર્ગદર્શનની જરૂર રહેશે. સારી રીતે પાઠ થાય તો એમાંનું કેટલુંક આપમેળે બાળકો માણી શકે એવું છે. આશા છે કે આપણાં બાળકોના રસની ક્ષિતિજોને વિસ્તારવામાં એ નિમિત્ત બને. 'તરાપો'માંના 'ઉજાણી' કાવ્ય પરથી આ સંગ્રહનું શીર્ષક લીધું હોઈ અહીં તે શરૂઆતમાં મૂકયું છે.

'તરાપો'માં કલાકાર મિત્રો સહિત જેમનો ઋણનિર્દેશ થયો છે તે સૌનો ફરીથી ભાવપૂર્વક આભાર માનું છું. છાપખાનાઓને નડતી કેટલીક અણધારી મુશ્કેલીઓ વચ્ચે શ્રી કાન્તિભાઈ મિસ્ત્રીએ જે કાળજી અને મમતાથી "તરાપો" અને "ઉજાણી"નું છાપકામ સંભાળ્યું તે માટે હું કૃતજ્ઞ છું.

**ઝીણાભાઈ દેસાઈ**



## શ્રી નીલકંઠ બાલોપયોગી ગ્રંથમાળા

### સત્તાવીસમું પ્રકાશન

શ્રી હરિ ૐ આશ્રમ તરફથી બાળકોનું ચારિત્ર્ય-ઘડતર કરે તેવા બાલસાહિત્યના સર્જન માટે ગુજરાતી સાહિત્ય પરિષદને રૂ. ૧૨૦૦૦નું દાન આપવામાં આવ્યું હતું. આનો હેતુ બાળકોમાં અભય, ઔદાર્ય, ત્યાગ, ધર્મ, તિતિક્ષા, સહાયવૃત્તિ, મતાંતરક્ષમા, સાહસ, શૌર્ય, પ્રેમ, સદ્‌ભાવ જેવા ઉદાત્ત ગુણો અને ભાવનાઓ પ્રેરે તેવા બાલસાહિત્યનું સર્જન કરવાનો રાખવામાં આવ્યો છે. આ ઉદ્દેશને પ્રગટ કરતાં ચરિત્રો, વાર્તાઓ અને કથાકાવ્યો ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવ્યાં છે. આંતરરાષ્ટ્રીય બાળવર્ષ નિમિત્તે આઠ જેટલાં પુસ્તકો પ્રગટ કર્યાં. આજે આ ગ્રંથમાળાનું સત્તાવીસમું પુસ્તક પ્રસિદ્ધ થઈ રહ્યું છે. ગુજરાતના પ્રસિદ્ધ કવિ શ્રી ઝીણાભાઈ દેસાઈ–'સ્નેહરશ્મિ'નાં બાળકાવ્યો '**ઉજાણી**' બાળકો જરૂર હોંશે હોંશે વાંચશે.

ગુજરાતનાં બાળકોએ અગાઉ જે રીતે અમારાં પ્રકાશનોને આનંદથી સ્વીકાર્યાં છે, તે રીતે આ બાળ-કાવ્યોના સંગ્રહને સ્વીકારશે તેવી અમને શ્રદ્ધા છે.

તા. ૨૦-૧૨-૧૯૮૦

**મંત્રીઓ**
ગુજરાતી સાહિત્ય પરિષદ



શ્રી નગીનદાસ પારેખ

અને

શ્રી રમણલાલ સોનીને

સાદર

# અનુક્રમ


૧. જય જગનાથ ! ... ... ૧

૨. મીના ... ... ... ૨

૩. રમવાને આવો, પોપટજી ! ... ૩

૪. પડઘાનો પક્કડદાવ ... ... ૫

૫ ગરબે ઘૂમવા ... ... ૬

૬. ખોવાયેલી લીલી ... ... ૭

૭ મુંબઈ ગેલાં કીડીબાઈ ... ... ૯

૮. રાજાની આણ ... ... ૧૧

૯. મારી હોડી ... ... ... ૧૨

૧૧–૧૬. નિજલીલા

૧. અડવો ... ... ૧૪

૨. જગની નવાઈ ... ૧૫

૩. પારેવું અને કારેલું ... ૧૬

૪. સુરતી ઘાણી... ... ૧૭

૫. જુવાન, ક્યારે તમે પરણશો ? ૧૮

૬. બિલાડીની સાડી ... ૧૯


૧૭. જોડકણાં ... ... ... ૨૧

૧૮. ઉખાણાં ... ... ... ૨૫

૧૯. હાઈકુ ... ... ... ૨૮

૨૦. મુક્તક ... ... ... ૩૧


□



# ૧૦. ઉજાણી

ચાલી નીલા ભરવા પાણી,
મળી વાટે સાહેલી —
રેખા, હમિદા, મેના, ચપળા,
ગુલ, મેરી, વનવેલી.

કહે ચપળા, "રજા આજ તો!
કરીએ ચાલો ઉજાણી!"
"પહેલાં પાણી, પછી ઉજાણી!"
ઉચરે નીલા વાણી.

પાણી ભરતાં બોલી હમિદા,
"પણે ટેકરી માથે,
નવી બંગલી થઈ છે તેમાં
રસોઈ કરશું સાથે!"

ગઈ વાત એ ગમી બધાંને,
ઝટપટ ભરિયાં પાણી,
હસતી રમતી સહિયર તે સહુ,
કરવા ગઈ ઉજાણી.


ટેકરી પર તે રાસ લિયે ત્યાં
આવ્યો ફણીધર કાળો !
કહે નીલા, "ના ડરશો કો !" ત્યાં
આવ્યો મોર રૂપાળો !

આવ્યાં સસલાં, ખિસકોલી ને
નોળિયો પણ ત્યાં આવે;
નાગ નોળિયો ભેટે ભાવે,
ટેકરી મોર ગજાવે.

સૂરજદેવને વળી સૌએ
ભાગ બધાંનો રાખ્યો;
નાગ નોળિયે કઢિયલ દૂધનો
સ્વાદ મઝાનો ચાખ્યો.

કરી ઉજાણી સૌને રીઝવી,
સખીઓ પાછી આવે,
ઘરે જઈ વહાલાંને પીરસે
નવી વાનગી ભાવે !

□





# ઉજાણી

## ૧. જય જગનાથ !

હે જગનાથ !
લંબાવીને હાથ,
માગું તારો સાથ !

રસ્તા આ તો આડાઅવળા,
અહીં ખાડા તો પણે ટેકરા !
ભૂલો પડું તે પહેલાં આવી
સ્હાજે મારો હાથ !
હે જગનાથ !
જય જગનાથ !

તું મુજ માતા, પિતા તું મારો,
ભાઈ, બહેન ને સખા તું પ્યારો !
તું મુજ વિદ્યા, ધન તું મારું,
આઠે પહોર તને સંભારું !
વંદું તુજને જગના તાત !
જય હો ! જય હો ! જય જગનાથ !



## ૨. મીના

ફૂલ ઝરે, ફૂલ ઝરે,
કાલાઘેલા બોલ તારા
મીના, ઘરમાં જાદૂ કરે.

ફૂલ ઝરે, ફૂલ ઝરે,
પાપા પગલી મીના તારી !—
ચાલે તું ત્યાં કંકુ ઝરે !

ફૂલ ઝરે, ફૂલ ઝરે,
તારી સાથે પંખી મીના,
અલકમલકની વાત કરે.

નીંદરની હોડીમાં મીના,
રંગરંગનાં સપનાં જોતી
કોઈ પરીના દેશ મહીં
તું ગાતી ફરે,
કાલાઘેલા બોલ તારા
સૌના દિલમાં જાદૂ કરે !

# ૩. રમવાને આવો પોપટજી!

'આંબાની ડાળે બેઠા, પોપટજી!
રમવાને આવો હેઠા, પોપટજી!'

'મારે તો ઊડતા રહેવું, બટુકજી!
જોઈતું મેળવી લેવું, બટુકજી!'

'જામફળ પાકાં પીળાં, પોપટજી!
દઉં વળી મરચાં લીલાં, પોપટજી!'

'પારકું ધન નહિ લેવું, બટુકજી!
માથે ન રાખવું દેવું, બટુકજી!

બચ્ચાં છે નાનાં માળે, બટુકજી!
થઈ જશે ઊડતાં કાલે, બટુકજી!

કરવાની ત્યાં લગી ચોકી, બટુકજી!
લૂંટારા રાખવા રોકી, બટુકજી!'

'મીઠી તમારી વાણી, પોપટજી!
વાતો તમારી શાણી, પોપટજી!

સુખેથી ઊડતા રે'જો, પોપટજી!
ગીતોમાં રોજ નવું કે'જો, પોપટજી!

શાળાનો ઘંટ જુઓ વાગે, પોપટજી!
ગાવાને ગીત નવા રાગે, પોપટજી!
મળશું હવે સાત વાગ્યે, પોપટજી!
મળશું ફરી સાત વાગ્યે, પોપટજી!'



## ૪. પડઘાનો પકડદાવ

પડઘો મારો આપ શોધી મા,
પડઘો મારો ખોવાયો !
મને છેતરી ડુંગરિયાની
ખીણે જઈ સંતાયો !

લુચ્ચો કેવો ચાળા પાડી
અહીં ડોકાતો, તહીં છુપાતો,
મને ખીજવતો હાથતાલી દઈ
જાણે કે ખોવાયો !

ભૂલ્યો ! ભૂલ્યો ! નથી ખોવાયો !
પડઘો મા, એ નથી ખોવાયો !
ખરું કહું મા ? તારી બીકે
નકી પણે સંતાયો !

"એમ છે બેટા ? સાદ પાડી તો
ઝટ તેને બોલાવ !
કે'જે કે વઢશે નહિ માડી !
પડઘા ! પડઘા ! બહાર આવ !"

મલકી મેં તો સાદ કર્યો —
"આવ ! આવ ! આવ !"
ડુંગર ડુંગર મંડ્યો રમવા
પડઘો પકડદાવ !

□



# ૫. ગરબે ઘૂમવા

ચાંદો ઊગ્યો ચોકમાં, માડી!
ઊગ્યો ચૌદેય લોકમાં;
ગરબે ઘૂમવા જાવું મારે,
મા, મને તું રોક મા!

સ્વાતિ ચાલી, મંજુ ચાલી,
ચાલી મીરાં, ગોપી—
રાસની ત્યાં તો રમઝટ જામે,
રાખ મને નહિ રોકી!

તુંયે ચાલને માડી, સાથે!
રાસ લઈશું ભેળાં!
સુંદર તારા ઠમકામાં
સાકર ઘી ને કેળાં!

ક્યાંથી લુચ્ચી, શીખી લાવી
કરવી ખુશામત સહેલી?
ભૂલી એ ઝાંઝર પહેરી
જાને રમવા વહેલી!

## ૬. ખોવાયેલી લીલી

રિસાઈને ગઈ ક્યાં ચાલી?
  લીલી, પાછી આવ!
મયંક ઢૂંઢે, મીના ઢૂંઢે,
  નહિ કરશે કોઈ રાવ!

કૂતરાં રખડુ રસ્તામાં
  કરશે રે! હેરાન —
ઝટપટ પાછી આવ તું લીલી,
  કહ્યું અમારું માન!


મીનાએ સુંદર ગૂંથ્યો છે
  પટ્ટો તારે માટે!
ઢૂંઢવા તને જાય રખે એ
  ઉજ્જડ વાટે ઘાટે!

આવ આવ લીલી, ક્યાં ખોવાઈ?
  સંજય ફરી ફરી પૂછે;
મમ્મી એને ધીરજ દેતી
  આંસુ એનાં લૂછે.

“ મમ્મી, મમ્મી, આવ અહીં !—
જો આ પલંગ નીચે !
લપાઈ ને ઢોંગી લીલી
આંખો કેવી મીંચે ! ”

પટપટાવતી પૂછડી લીલી
કૂદતી બહાર આવી —
ફરી ફરી ચાટી ગાલ મીનીના
સહુને રહી હસાવી !

□




# ૭. મુંબઈઘેલાં કીડીબાઈ

" મુંબઈ અહીંથી કેટલું ?"
" ત્રણસો ગાઉ જેટલું !"
કીડીબાઈ તો પૂછતાં જાય,
મુંબઈ જોવા ઘેલાં થાય !

" મુંબઈ આખું જોઈ આજે,
આવીશ પાછી મોડી સાંજે !"
એમ કરી એ નીકળ્યાં ભાઈ,
પગલાં મનમાં ગણતાં જાય —
કેમ જાણે એ હોય જાણતાં
કેટલે પગલે ગાઉ થાય !

□





# ૮. રાજાની આણ

અગાશીએ ઊભા રાજા,
રાણી હીંચકે ઝૂલે,
ગુન્ ગુન્ ગુન્ ગુન્ ગુંજે ભમરો
ફૂલ ફૂલથી ફૂલે.

મલકે રાજા જોઈ રાણીને —
"મારી એ તો રૂપપરી!
હીરા મોતી માણેકથી મેં
મઢેલ એને જતન કરી!

નથી કો બીજો મારા જેવો,
મારાથી જગ આખું ડરે!
મારી આણ ન માને તે સૌ
વગર મોતથી ફાટી મરે!

મારા હાથી ઘોડા સૈનિક
ખડતલ છે રણશૂરા,
સાદ કરું ત્યાં પળમાં આવી
કરે શત્રુને પૂરા!"

રાજા આમ ફુલાય તહીં તો
સમડી ક્યાંકથી આવી,
નાક રાણીનું બટકાવી
ચાંચે લઈ સિધાવી!

□

# ૯. મારી હોડી

જાય ! જાય ! રમતી જાય !
કાગળની આ હોડી મારી
તરતી તરતી નદીનાં વહેણો
ફેરકુદરડી ફરતી જાય !

દીવડો નાનો મારો એમાં
સંતાકૂકડી રમતો રમતો
અંધારે અજવાળાં કરતો
અહીં ડોકાય ! તહીં ડોકાય !

ગીતો ગાતાં પંખી જોતી,
ગણતી ફોરાંઓનાં મોતી,
મોજાં સાથે મસ્તી કરતી,
એ તો દરિયો જોવા જાય !

જોતાં એને ઘાટ ઘાટ પર
અચરજ પામે નર ને નાર,
જોજન સો કાપી નાંગરશે,
હોડી મારી હરિને દ્વાર !

□





# નિજલીલા


૧

## ૧૧. અડવો



અડવો એનું નામ,
મોટાં એનાં કામ,
ભારે એની હામ.

લઈને એક બટવો,
શોચે મનમાં અડવો :
આજે પૂનમ પડવો,
તરતો મૂકી બટવો,
દરિયો મારે તરવો !



બટવો તરતો તરતો જાય,
જળપરી ચોગમ ડોકાય,
આવ્યા જોવા નભથી દેવો,
ધરતો અડવો મીઠો મેવો.



જલપરીઓ સૌ લાવી ગોતી
સાત સિંધુનાં મોંઘાં મોતી !



અડવો બાંધે મોતીમહેલ
ઉપર ટહુકે મોરલા ઢેલ !

હેરત પામે લોક તમામ –
અડવાએ ભાઈ, કાઢ્યું નામ !



## ૨



# ૧૨. જગની નવાઈ


સસલું, શિયાળ, વાઘ ને વરુ,
રસ્તા વચ્ચે સોનાનો ચરુ!
ચરુ પૂછે, "શીદ નીકળ્યા ભાઈ?"

"જઈએ જોવા જગની નવાઈ!
કે' છે લોક દુઃખ અહીં ઘણાં,
સુખનાં તો છે ખાલી સમણાં!
વાત તણો એ લેવો તાગ
અચૂક આજ!" બોલે વાઘ.

ચરુ કહે, "તો હું પણ આવું,
ઢગના ઢગ સુખ મીઠાં લાવું!"

ઊગ્યો વને સૂરજ સોનેરી,
લાવ્યો તે મધમીઠી કેરી.

રસે ચરુ ત્યાં ગયો ભરાઈ.
શિયાળ સહુને દિયે વધાઈ:
"વાઘ વરુ ને સસલાભાઈ,
જુઓ જુઓ આ જગની નવાઈ!
ઘૂંટના ઘૂંટ સૌ પીઓ ધરાઈ,
ચોગમ સુખની બજે શરણાઈ!"





## ૧૩. પારેવું ને કારેલું

ભં ભં ભડાક, બં બં બડાક,
તં તં તડાક, ધં ધં ધડાક,
છં છં છમાક બોલે બલાક,
ગડ ગડ ગડ ગડ ગગડે ગડાક.

ગડાક પર એક પારેવું
સાથે મીઠું કારેલું
ઊડયાં બંને એકીસાથે
આવ્યા સૂરજ દાદા માથે.

પારેવું કહે, "પન્ પન્ પનાક!"
કારેલું કહે, "થોભ જરાક!
જઈને લાવું મીઠી દરાખ!


જો આ દરાખ, એ પર રાખ,
ખંખેરી એને તું ચાખ –
નહિ તો આવી ચઢશે માખ!"

ભં ભં ભડાક, બં બં બડાક,
વેડો આંબા પરની સાખ;
માણો સાથે મીઠી દરાખ!

□

૪

# ૧૪. સુરતી ઘાણી



ગુન્ ગુન્ ગુન્ ગુન્ ગુંજે ભમરો,
સુન્ સુન્ સુન્ સુન્ લહેરે ડમરો,
થન્ થન્ થન્ થન્ નાચે મમરો,
બલૂનનો તો મોટો કમરો !

ભમરો ડમરો બલૂને ચઢયા,
મમરા સાથે વાતે વળ્યા,
બલૂન ચઢે ઊંચે આકાશે,
તારા નગરી ચારે પાસે.

બલૂન જોવા આવી સહેલાણી
તારા નગરીની મહારાણી–
ત્રણ દોસ્તોએ ખૂબ વખાણી
રાણીને ખવડાવી ઘાણી.

બોલે રાણી, "અહો ! આ ઘાણી !
કહો તમે એ કયાંથી આણી ?
ચાલો કરીએ સાથ ઉજાણી !
દઈશું સૌને ગમતી લહાણી !"

બલૂને નભની એ મહારાણી
ગુલાંટ લઈ ધરતી પર આણી !
ઘડા ભરી ધરતીનું પાણી
લઈ ગઈ સ્વર્ગ ભણી એ શાણી
ખાતી સસ્તી સુરતી ઘાણી !

☐



## ૫

# ૧૫. જુવાન, ક્યારે તમે પરણશો ?

એંશી વરસના ડોસાજી
ખાય રોજ ભાજી તાજી !

કહે કાજી, "એ મલ્લાજી !
લેતા ન વહોરી ઇતરાજી !
કરજો ડોસાજીને રાજી, —
સુણજો એની પતરાજી !"



કરતાં વખાણ ભાજીનાં ઝાઝાં
કાઢે ડોસા વેણ મઝાનાં :
"લક્ષ્મીએ ભાજી જાતે વાવી,
ઉમાએ પાણી પાઈ ખિલાવી !
એંશી વરસ ખાધી મેં મોજે,
નહીં દબાયો વયના બોજે,
રમતો રમતો ટપીશ સો (૧૦૦)ને !
સામે તે દી ધરી અરીસો
જોજો મારાં નયને નશો !
વીસ વરસના જુવાન-શો
જોતાં મને નકી પૂછશો —
"જુવાન, ક્યારે તમે પરણશો ?"

☐



૬

# ૧૬. બિલાડીની સાડી

એક બિલાડી જાડી
પહેરી તેણે સાડી.


સાડી ઉપર ફૂલ,
રેશમની છે ઝૂલ,
ફૂલ લાલ ગુલાબી,
સાડી છે પંજાબી.

બિલ્લી કરે વિચાર :
" કરું હવે શિકાર."
પણ સાડીનો અરે !
આ તે કેવો ભાર !

ડોકાયો ત્યાં ઉંદર
સાડી દેખી છૂમંતર!

બિલ્લી પીછો કરે
સાડી વચમાં નડે,
ફેંકી દઈ તે દૂર
બની તે હલકીફૂલ.
"મૂરખ હું તો ઠરી,
ખોટી નકલ કરી!"
બોલી એમ કરતી 'હાશ!'
બિલ્લી જોતી ચારે પાસ
ઉંદરની કરે તલાશ.

□



# ૧૭. જોડકણાં

## ૧

લાલ લાલ દડો,
બહેનનો લાલ ઘડો,
મીઠાં એનાં પાણી,
પીએ લોક વખાણી,
ભાઈની મીઠી વાણી,
ભાભી ઘરની રાણી.





## ૨

અલક ચલાણી,
એક મટકી કાણી,
ફૂટે તડતડ ધાણી,
છૂટે મોંમાં પાણી,
બહેની કરતી લહાણી,
ભાઈની બડી કમાણી.


## ૩

શીકા ઉપર તપેલી,
તપેલીમાં દૂધ,
મંગળવારે ચાખજો,
આજ તો વાર બુધ !



૪

રસ્તા લાંબા કાપતી,
દોડે મોટર હાંકતી,
રસ્તે ધનજી ઢોલો,
મોટર માથે હોલો.



૫



ગોળ ગોળ સાઇકલ ફરે,
બકરી ડુંગર ધારે ચરે,
ઠીંકરી ઠેકતી જળે સરે,
હંસલા ગાતા ગાતા તરે.

૬

એન ઘેન રમે
નાની મારી બહેન.
રમતાં રમતાં ગઈ ખોવાઈ
બહેનની નવી પેન.
પેન લખે એકડા !
બહેન મારે ઠેકડા !



૭



મીરાં, મયૂર, ગોપી,
પહેરી ઝીકની ટોપી,
જાય વાડીમાં ફરવા,
આંબા ઉપર મરવા.

## ૮

એક ડાળ લીલી,
આંબે સાખ પીળી,
કોયલ બોલે કૂ....ઊ....કૂ !
ગાતો હોલો ઘૂ....ઊ....ઘૂ !



## ૯



વનમાં જાગે વાયરો,
ગઢમાં મોટો ડાયરો,
ફટાકડાની ફૂટે લૂમ,
ડાયરામાં ધડીમ્ ધૂમ !

## ૧૦

નાગદેવની રૂપાળી છે ફેણ,
એનીને મુખડે મધમીઠાં છે વેણ,
વેણે વેણે ઝરતાં રંગીન ફૂલ,
ફેણ પરે તો નાનકડું બુલબુલ !



## ૧૧



આંબા ઉપર ખિસકોલી,
સોનાની છે ઝોળી,
તાજા ઘીમાં ઝબકોળી,
ખા ધી પૂરણપોળી.

## ૧૨



નદી–કિનારે હોડી,
ગઈ ખોવાઈ ઘોડી !
રાત રહી છે થોડી,
શોધે નાની છોડી !



## ૧૩

એક ભાભો ઘેલો,
બીજો જરીક મેલો,
ત્રીજે બાંધ્યો ડેલો,
ચોથો ચણતો મહેલો.

## ૧૪



વાઘ વરુ ને દીપડો,
ખાલી પિત્તળ ઘડો,
વાઘે પાડી બૂમ,
ઘડાની કોરે કેળાંની છે લૂમ !




# ૧૮. ઉખાણાં



૧

ખીલે એક ફૂલ,
થાય અંધારું ડૂલ.



૨

કાઢે તાર, પણ નથી એ
કરોળિયો જાળું કરતો;
ગુન્ ગુન્ ગુંજે, પણ નથી એ
ભમરો બાગબગીચે ફરતો!

૩



કાદવમાં જન્મીને
પાણી ઉપર રહે;
રૂપ રંગ ને સુગન્ધથી
સૌ કો એને ચહે.



૪

કાગળની છે કાયા
ને અક્ષરની છે આંખ;
અલક મલકની સહેલ કરાવે
ખૂલે જ્યારે પાંખ!

૫

હાથી ઘોડા ફર્યા કરે,
પગ એમના હાલે ના;
સવાર પીઠે ઘૂમ્યા કરે,
હાથી ઘોડા ચાલે ના.






૬

પીધા કરે પણ શરમ નથી,
ચીતર્યા કરે પણ કલમ નથી.

૭

પાણી નીચે ફર્યા કરે,
નથી એ તો માછલું;
દુશ્મન જહાજ જોતાં એનું
પળમાં કાઢે કાટલું !



૮

બેઠેલાંને સહેલ કરાવે
સાગરખેડુ વહાણ નથી,
એ મજલાથીયે ઊંચું,
કોકનું રહેણાક નથી,
ઊંચે જાય, નીચું આવે,
નથી ઊડતું પંખી,
એ પર બેસી મેળો જોવા
લોક રહે છે ઝંખી !



૯*

બેઉ બાજુએ જંગલ છે સુંદર કાજળકાળું
વચ્ચે નાજુક કેડીમાં સિંદૂર છે રૂપાળું !+



* મારી પૌત્રી ચિ. ગોપી (વર્ષ ૭) એ મને પૂછેલા ઉખાણા પરથી.
+ જવાબ અહીં આપેલાં ચિત્રોમાંથી મળશે. ત્રણ ઉખાણાંનાં ચિત્રો ઉખાણાં સાથે જ છે, બાકીનાં આડાંઅવળાં છે.





# ૧૯. હાઇકુ

૧

ઝકતી હોડ
કલગી કૂકડાની
ઉષાની સામે !

૨

કાંટાળી વાડે
ચઢી પાંગરી વેલી
નાજુક ફૂલે.

૩

ખેતરે હિમ :
જુએ ચાડિયો, જુએ
કાંટાળી વાડ !

૪

વાટ-ભૂલ્યાની
ચમકી આંખ — દૂર
ભાંભરી ગાય.

૫

સીમ વેરાન :
ગાય દૂબળી : પંખી
વળતાં માળે.



૬

વીજળી પંખે
બાંધે ચકલી માળો
પરોઢે ખંતે.

૭

પર્ણવિહોણું
વૃક્ષ અહો ! સભર
કોટિ તારાથી !

૮

આંધી : તોફાની
મોજાં : હોડીમાં દૂર
પલકે દીવો !

૯

આંગણે ભૂખી
અનાથ બાળા : દાણા
ચકલી ચણે.

૧૦

ઢીંગલી લેવા
પા પા પગલી : જુએ
વડીલો કોડે.



૧૧

ખેંચતું માને
બંધ ઢીંગલી ઘરે
રડે બાળક.

૧૨

નદીએ રોકી
ફંગોળી કેડી ઊંચી
ડુંગરધારે!

૧૩

આથમ્યો ભાણુ?
કે મરજીવાએ ત્યાં
ડૂબકી મારી!

૧૪

હવા પડેલી:
જળમાં હંસ : ચંદ્ર
ચઢે તરંગે.

૧૫

નાજુક ડાળી
નમી જતાં ફફડે
પંખીની પાંખે!

# ૨૦. મુકતક

**૧**

કુદરત સીંચે ફૂલમાં રૂપ રંગ ને ગંધ,
કવિ તેને ગાતાં કરે નિત્ય નવે પદબંધ.

**૨**

ભર્યા ભર્યા ચઢીને લળી વરસી વેળ અનન્ત,
મુક્ત બની પાછા વળે કાં મેઘો કાં સન્ત.

**૩**

એકલપાંખ ઉડાય ના, એકલ નહીં હસાય,
એકલ રવિ નભ સંચરે એની ભડકે સળગે કાય.

**૪**

વર્ષા સમ વારિ નહીં, નહીં માતા સમ ત્યાગ,
વેણુ સમી ચિનગારી નહીં, વૈર સમી નહિ આગ.

**૫**

ત્યાગ થકી લઘુતા ટળે, ત્યાગે રિદ્ધિ સદાય;
લહાણુ કરંતાં વારિની ઝરણાં સરિતા થાય.

**૬**

દિન ઊગે દિન આથમે, રાત નહીં ચિરકાળ,
નીચી ઊંચી ફર્યા કરે જીવનની ઘટમાળ.

૭

નમતાંને સહુ કો નમે, સહુ કો દે સન્માન;
સાગરને નદીઓ ભજે છોડી ઊંચાં સ્થાન.

૮

આજ ભલે હો કાળી રાત,
ઊજળું કાલે થશે પ્રભાત.

૯

જાનૈયા મેઘ ને કન્યા કોડે ભરી વસુન્ધરા,
પત્રે પત્રે તૃણે પુષ્પે મોતી મંગળ-સૂત્રનાં.

૧૦

ઇચ્છા ઝાઝી નહીં મારે મુદ્રા તારી ચહું હરિ!
હું કાગળ કોરો મટી તારી હૂંડી રહું બની!

૧૧

ઝરમર વરસે મેહુલો, આ તો માઝમ રાત,
મનને મારા ભીંજવે કિયા જનમની વાત!

૧૨

કમલપત્ર પર જળબિંદુ, લક્ષ્મી સજ્જન ઘરે,
સ્પર્શ્યા વિણ એ બેઉને અદકાં ઉજ્જવળ કરે!